# 67

**અમદાવાદ મહાનગરપાલિકાની ખાનગી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને આનુષંગિક ખર્ચ ચૂકવણી સહાય બાબત.**

***15/4/2384: શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા (જમાલપુર–ખાડીયા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ આર.ટી.ઈ એક્ટ–૨૦૦૯ હેઠળ ખાનગી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના અભ્યાસને લગતા આનુષંગિક ખર્ચની ચૂકવણી સહાય યોજના હેઠળ વિદ્યાર્થી દીઠ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવે છે? | (૧) | સદર યોજના હેઠળ પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીને રૂ. 3000/– ની રકમ ગણવેશ, બૂટ, પૂસ્તકો, પરિવહન ખર્ચ તથા સ્કૂલ બેગ અને અભ્યાસને આનુસાંગિક અન્ય વસ્તુઓ ખરીદવા માટે ચૂકવવામાં આવે છે. |
| (૨) | ઉક્ત યોજના હેઠળ વર્ષ ૨૦૨૨–૨૩માં અમદાવાદ મહાનગરપાલિકા માટે કેટલા વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવેલ છે અને કેટલા વિદ્યાર્થીઓને આવરી લેવાના બાકી છે, અને | (૨) | સદર યોજનામાં વર્ષ ૨૦૨૨–૨૩માં અમદાવાદ શહેરમાં ૯૨૦૪૩ વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવેલ છે. કોઈપણ વિદ્યાર્થી બાકી નથી. |
| (૩) | ઉક્ત સ્થિતિએ આનુષંગિક ખર્ચની ચૂકવણીની રકમ વધારવા સરકારને કોઈ રજૂઆત મળેલ છે કે કેમ? | (૩) | અત્રેની કચેરીમાં આવી કોઈપણ રજૂઆત મળેલ નથી. |

........................................................